This Question Booklet Contains 08 Printed Pages આ પ્રશ્નપત્રમાં કુલ 08 છાપેલા પાનાં છે.

પ્રશ્નપુસ્તિકા કોડ

**A**

પ્રશ્નપુસ્તિકા નંબર

# TGS-2025

ઉમેદવારનો બેઠક નંબર

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

| | | | |
|---|---|---|---|
| કુલ પ્રશ્નો | : 50 | Total Que. | : 50 |
| કુલ ગુણ | : 50 | Total Marks | : 50 |
| સમય | : 30 મિનિટ | Time | : 30 Minutes |

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.**

**ખાસ સૂચના : 1 થી 50 પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ ખંડ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.**

**(01)** આ પ્રશ્નપત્રમાં કુલ **50** પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A, B, C** અને **D** પૈકી કોઈ એક છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. આ સાથે અલગ આપેલ **OMR** ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

**ઉદાહરણ તરીકે :**

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?**

**A)** સરદાર પટેલ **B)** સુભાષચંદ્ર બોઝ

**C)** મહાત્મા ગાંધી **D)** વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET) માં.**

Ⓐ Ⓑ ● Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ **"C"** છે. આથી **"C"** નું વર્તુળ ઘાટું **(encode)** કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ઘાટું કરવા બાબતની સૂચના **OMR** માં આપેલ છે જેની નોંધ લેવી.

**(02)** **1** થી **50** પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.

ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

**(03)** પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહી.

**(04)** ઉમેદવારને મળેલ **OMR** ઉત્તરપત્ર અને પ્રશ્નપુસ્તિકાનો નંબર, બેઠક નંબરથી અલગ હોઈ શકે, **OMR** ઉત્તરપત્રમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે અને બેઠક નંબર નીચે આપેલ વર્તુળ પણ ઘાટું **(encode)** કરવાનું રહેશે તેમજ મળેલ પ્રશ્નપુસ્તિકાનો નંબર તથા કોડ નિયત જગ્યાએ લખીને તેની નીચે આપેલ વર્તુળ પણ ઘાટું **(encode)** કરવાનું રહેશે તે મુજબ જ ઉમેદવારને ગુણ મળવાપાત્ર થશે. લખેલી વિગતો અને ઘાટું **(encode)** કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

**(05)** પ્રત્યેક સાચા જવાબદીઠ **1** (એક) ગુણ મળવાપાત્ર થશે. ગુણાંકન પધ્ધતિમાં માઈનસ પધ્ધતિ રાખવામાં આવી નથી. જે મુજબ - પ્રત્યેક ખોટા જવાબ, ખાલી છોડેલ જવાબ, છેકછાક કરેલ હોય તેવા જવાબ તથા **OMR** માં જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબના ગુણ આપવામાં આવશે નહીં.

**(06)** **OMR** ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

**(07)** ઉત્તરપત્ર **(OMR SHEET)** માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની **OMR SHEET** (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

**(08)** પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

**(09)** આ જવાબવહી કોમ્પ્યુટર દ્વારા તપાસાવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી તથા જવાબવહીની ગડી વાળવી નહીં.

**(10)** પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફ કામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહીં. જવાબવહીમાં કંઈ પણ રફ વર્ક કરવું નહીં. પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે.

**(11)** પ્રશ્નપુસ્તિકામાં કોઈ પૃષ્ઠ ફાડવા કે જુદાં કરવાની મનાઈ છે.

**(12)** ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

**(13)** ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી **(White Ink)**, બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

**001.** ખાનગી શાળા દ્વારા બાળકના પ્રવેશ સમયે ઈન્ટરવ્યુ લઈને પ્રવેશ અપાય ત્યારે પ્રથમ ઉલ્લંઘન બદલ RTE-2009 ની જોગવાઈ પ્રમાણે કેટલા રૂપિયા દંડ થશે?

(A) ₹ 15000 (B) ₹ 10000
(C) ₹ 25000 (D) ₹ 30000

**002.** શાળા દ્વારા વારંવાર કસોટી લઈને પ્રવેશ આપવાની ફરિયાદના સંદર્ભે RTE 2009 ની જોગવાઈ મુજબ એક કરતા વધુ વાર પ્રતિબંધ ભંગ જણાતા, તેવા દરેક ઉલ્લંઘન બદલ કેટલા રૂપિયા દંડ થાય?

(A) ₹ 50000 (B) ₹ 25000
(C) ₹ 15000 (D) ₹ 10000

**003.** RTE 2012 મુજબ ધો.6 થી 8 ના બાળકો નજીકના વિસ્તારમાં ચાલીને જઈ શકાય તેવા કેટલા કિલોમીટરના અંતરની અંદર શાળા સ્થાપવી જોઈશે?

(A) 2 કિલોમીટર (B) 5 કિલોમીટર
(C) 1 કિલોમીટર (D) 3 કિલોમીટર

**004.** દરેક પૂર્વ શાળાએ કેવા બાળકોને પ્રવેશ આપવો જોઈશે, તે RTE-2012 નો કયો નિયમ સ્પષ્ટ કરે છે?

(A) નિયમ-6 (B) નિયમ-8 (1)
(C) નિયમ-8 (2) (D) નિયમ-9

**005.** RTE 2012 ના કયા નિયમ અનુસાર શાળા વ્યવસ્થાપક સમિતિની રચના અને કાર્યો નિર્ધારિત થયેલ છે?

(A) 15 (B) 16
(C) 17 (D) 18

**006.** બિનસહાયિત શાળા સિવાયની દરેક શાળાએ નિયત તારીખથી કેટલા સમયગાળામાં શાળા વ્યવસ્થાપક સમિતિની રચના કરવી જોઈશે?

(A) ત્રણ માસની મુદતની અંદર (B) ચાર માસની મુદતની અંદર
(C) છ માસની મુદતની અંદર (D) એક માસની મુદતની અંદર

**007.** રાજ્ય સરકારે અથવા સ્થાનિક સત્તા મંડળે સ્કૂલ મેપીંગ દ્વારા દૂરના વિસ્તારોના બાળકો, અશક્ત બાળકો, વંચિત જૂથના બાળકો, નબળા વર્ગના બાળકોની ઓળખ કેટલા સમયગાળામાં કરવી જોઈશે?

(A) નિયત તારીખ થી એક માસની મુદતની અંદર
(B) નિયત તારીખ થી એક વર્ષની મુદતની અંદર
(C) નિયત તારીખ થી છ માસની મુદતની અંદર
(D) નિયત તારીખ થી ત્રણ માસની મુદતની અંદર

**008.** બાળકને પ્રવેશ માટે ઈનકાર કરનાર શાળાએ RTE-2009 ની કઈ કલમનો ભંગ કર્યો ગણાશે ?

(A) કલમ-21 (B) કલમ-20
(C) કલમ-15 (D) કલમ-19

009. અધિનિયમની કલમ 13ની પેટાકલમ(1) ના ઉલ્લંઘન બદલ સંબંધિત શાળા સંચાલક મંડળને નોટીસ આપવાની જોગવાઈ RTE-2012 ના કયા નિયમમાં નિર્દિષ્ટ કરેલ છે?

(A) નિયમ-11
(B) નિયમ-13
(C) નિયમ-14
(D) નિયમ-12

010. RTE-2009 મુજબ રાજ્ય સરકારને જરૂરી લાગે તેવી વધુમાં વધુ કેટલા સભ્યોની બનેલી રાજ્ય સલાહકાર સમિતિની રચના કરશે?

(A) 15 સભ્યો
(B) 12 સભ્યો
(C) 10 સભ્યો
(D) 20 સભ્યો

011. ગુજરાતમાં કેજીબીવી ની કુલ કેટલી સંસ્થાઓ કાર્યરત છે?

(A) 225
(B) 245
(C) 205
(D) 275

012. KGBV ની દીકરીઓની પ્રવૃત્તિઓ કયા પોર્ટલ પર અપલોડ કરવામાં આવે છે?

(A) જનૂન
(B) સંતોષ
(C) સંકલ્પ
(D) શગૂન

013. રક્ષા શક્તિ સ્કૂલ્સમાં પ્રવેશ પરીક્ષાના મેરીટને આધારે, સરકારી તેમજ ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓ માટે કેટલી જગ્યાઓ રહેશે?

(A) 25%
(B) 50%
(C) 75%
(D) 80%

014. ભારતીય સંરક્ષણ દળની ત્રણેય પાંખમાં અધિકારી તરીકે તાલીમમાં જોડાય તેવા ગુજરાતના વતની હોય તેવા યુવાનોને પ્રોત્સાહનરૂપે કેટલા રૂપિયા 'વન ટાઈમ કેશ એવોર્ડ' આપવામાં આવે છે?

(A) ₹ 25000
(B) ₹ 50000
(C) ₹ 75000
(D) એક લાખ

015. N.M.M.S ની પરીક્ષા કયા વિદ્યાર્થીઓ આપી શકે નહિ ?

(A) જનરલ/ ઓ બી સી કેટેગરીનો ધો.7 માં 55% સાથે ઉતીર્ણ વિદ્યાર્થી
(B) SC/ST વિદ્યાર્થી જે 50% સાથે ઉતીર્ણ થયેલ છે
(C) ઉમેદવારના વાલીની વાર્ષિક આવક ₹ 3,50,000 છે
(D) નિવાસી શાળાનો ધો. 7 માં 55% સાથે ઉતીર્ણ વિદ્યાર્થી

016. NMMS યોજના માટે કેબિનેટે કુલ કેટલા કરોડની ફાળવણી સાથે નાણાંકીય વર્ષ 2021-22 થી નાણાંકીય વર્ષ 2025-26 સુધી આ યોજનાને ચાલુ રાખવાની મંજૂરી આપી છે?

(A) ₹ 1555 કરોડ
(B) ₹ 1827 કરોડ
(C) ₹ 1920 કરોડ
(D) ₹ 2000 કરોડ

**017.** NEP 2020 ની ભલામણોને લાગુ કરવા માટે, ભારત સરકારે કઈ તારીખથી નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ શરૂ કર્યો છે?

(A) 1-4-2022 (B) 1-4-2021
(C) 1-4-2020 (D) 1-4-2019

**018.** કિશોરીઓના પોષણ, આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહન માટે ગુજરાત સરકારે શરૂ કરેલી 'નમો લક્ષ્મી' યોજના માટે બજેટ 2024-25 માં કુલ કેટલા કરોડની જોગવાઈ કરેલ છે?

(A) ₹ 1245 કરોડ (B) ₹ 1550 કરોડ
(C) ₹ 1250 કરોડ (D) ₹ 1440 કરોડ

**019.** IQ STANDS FOR.....

(A) INTELLIGENT QUOTIENT
(B) INTELLIGENCE QUETIENT
(C) INTELLIGENT QUALITY
(D) INTELLIGENCE QUOTIENT

**020.** ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સની શરૂઆત ક્યારથી કરવામાં આવી છે?

(A) 2019-2020 (B) 2020-2021
(C) 2021-2022 (D) 2022-2023

**021.** ભારતની સૌથી પ્રાચીન પર્વતમાળા કઈ છે?

(A) નીલગીરી (B) સાતપુડા
(C) અરવલ્લી (D) હિમાલય

**022.** નીચેનામાંથી કયા રાજ્યની સીમા બાંગ્લાદેશ સાથે મળતી નથી ?

(A) મણિપુર (B) મિઝોરમ
(C) ત્રિપુરા (D) મેઘાલય

**023.** ''શિક્ષક પોતે શીખતો ન રહે તો એ કદી શીખવી ન શકે'' - જાણીતું વિધાન કોનું છે?

(A) ગિજુભાઈ બધેકા (B) સ્વામી વિવેકાનંદ
(C) રવીન્દ્રનાથ ટાગોર (D) ગુણવંત શાહ

**024.** ગુજરાત સરકારે વિદ્યાદીપ વીમા યોજના ક્યારથી શરૂ કરી છે?

(A) 2004 થી (B) 2002 થી
(C) 2003 થી (D) 2001 થી

**025.** નીચેની અક્ષર શ્રેણીમાં (?) પ્રશ્નાર્થના સ્થાને કઈ અક્ષર શ્રેણી આવશે?
MNP, NOQ, OPR, ?

(A) PQS (B) PRN
(C) NPR (D) PQT

026. રાજ્ય સરકારની ફોસ્ટર કેર યોજનામાં કઈ વયજૂથના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે?
(A) 3 થી 15 વર્ષના
(B) 6 થી 18 વર્ષના
(C) 10 થી 18 વર્ષના
(D) તમામ શાળાએ જતા બાળકો

027. ભારતના બંધારણના કયો અનુચ્છેદ રાજ્યને સત્તાઓ પ્રદાન કરે છે કે બાળકોની તમામ જરૂરિયાતો પૂરી થવી જોઈએ અને તેઓના મૂળ માનવ અધિકાર સંપૂર્ણપણે સુરક્ષિત રહેવા જોઈએ.
(A) અનુચ્છેદ 15 (3), 39 (ઈ) અને (ફ)
(B) અનુચ્છેદ 45
(C) અનુચ્છેદ 47
(D) આપેલા તમામ

028. જૂથ સંભાળમાં સંસ્થા ઓછામાં ઓછા અને વધુમાં વધુ કેટલા બાળકોને રાખી શકાશે.
(A) ઓછામાં ઓછા 3 અને વધુમાં વધુ 8
(B) ઓછામાં ઓછા 5 અને વધુમાં વધુ 10
(C) ઓછામાં ઓછા 10 અને વધુમાં વધુ 15
(D) આવી કોઈ જોગવાઈ નથી

029. ફોસ્ટર કેર (કેન્દ્ર સરકાર) માં માસિક સહાય તરીકે કેટલા રૂપિયા મળવા પાત્ર છે?
(A) ₹ 3000
(B) ₹ 4000
(C) ₹ 5000
(D) ₹ 6000

030. પાલક માતાપિતા યોજના અંતર્ગત બાળકોની સંભાળ રાખતા નજીકના સગાને માસિક કેટલા રૂપિયાની સહાય ચુકવવામાં આવે છે?
(A) ₹ 2000
(B) ₹ 2500
(C) ₹ 2700
(D) ₹ 3000

031. ગુજરાતમાં હાલમાં બાળકોને અત્યાચારોથી રક્ષવા તેમજ શેરીઓમાં રખડું જીવનથી બચાવવા કુલ કેટલા આશ્રયગૃહો આવેલા છે?
(A) 12
(B) 8
(C) 4
(D) 16

032. સ્પોન્સરશિપ યોજના (કેન્દ્ર સરકાર) હેઠળ બાળસંભાળ ગૃહમાં 6 માસ કે તેથી વધુ સમયથી રહેતા વિધવા માતાના બાળકને શૈક્ષણિક હેતુથી કુટુંબમાં પુનઃસ્થાપન કરવા અર્થે માસિક કેટલા રૂપિયા મળવાપાત્ર છે?
(A) ₹ 3000
(B) ₹ 4000
(C) ₹ 5000
(D) ₹ 6000

033. રાજ્ય સરકારની ફોસ્ટર કેર (ફોસ્ટર ફેમીલી / ગ્રુપ ફોસ્ટર કેર) યોજના અંતર્ગત કેટલા રૂપિયાની માસિક સહાય મળવાપાત્ર છે?
(A) ₹ 3000
(B) ₹ 4000
(C) ₹ 5000
(D) ₹ 6000

**034.** વિશિષ્ટ ગૃહમાં કેવા બાળકોને આશ્રય અર્થે રાખવામાં આવે છે?
1. કાયદાના સંઘર્ષમાં ન હોય તેવા
2. બાળકોની તપાસમાં ગુનો કર્યાનું જણાવેલ હોય તેવા
3. માતાપિતાથી અલગ થયેલા
4. બહારના રાજ્યમાંથી આવેલા અનાથ બાળકોને

(A) 1 અને 2 (B) ફક્ત 2
(C) ફક્ત 3 (D) 3 અને 4

**035.** નિરીક્ષણ ગૃહોમાં કેવા પ્રકારના બાળકોને રાખવામાં આવે છે?
(A) અનાથ બાળકોને
(B) માતાપિતાથી અલગ થયેલા
(C) જે બાળકો કાયદા સાથે સંઘર્ષમાં આવેલા હોય
(D) ઉપરોક્ત તમામ

**036.** ગુજરાતમાં કુલ કેટલા વિશિષ્ટ ગૃહો આવેલા છે?
(A) 3 (B) 4
(C) 5 (D) 7

**037.** છોકરીઓ માટેનું વિશિષ્ટ ગૃહ કયા જીલ્લામાં આવેલું છે?
(A) અમદાવાદ (B) વડોદરા
(C) મહેસાણા (D) રાજકોટ

**038.** આફ્ટર કેર યોજનાના પાત્રતાના માપદંડ કેવા રાખવામાં આવેલ છે?
1. ફક્ત બાળસંભાળ સંસ્થામાં રહેતા બાળકને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર છે
2. 21 વર્ષ પૂર્ણ થતા પહેલા રોજગાર મેળવવામાં સફળ થયેલ બાળકને
3. બાળાએ 21 વર્ષ પહેલા લગ્ન કરેલ છે.
4. એક વખત યોજનામાં જોડાયેલ તમામને મળે છે.

(A) ફક્ત 1 (B) 2 અને 3
(C) ફક્ત 4 (D) આપેલ તમામ

**039.** શેરોઈલનેસ, પોઝીટીવ બાળક હોય, માતા પિતામાંથી કોઈ એક શેરોઈલનેસ પોઝીટીવ હોય તેવા અભ્યાસ કરતા બાળકને ધોરણ 1 થી 5 સુધી 10 માસ માટે માસિક કેટલા રૂપિયા આપવામાં આવે છે?
(A) ₹ 200 (B) ₹ 100
(C) ₹ 150 (D) ₹ 50

**040.** આફ્ટર કેર યોજના હેઠળ આવરી લીધેલા 18 થી 21 વર્ષની વય સુધીના પુખ્ત યુવાનોને ખોરાક, રહેઠાણ, શિક્ષણ, સ્વાસ્થ્ય બાબતે માસિક કેટલી સહાય આપવામાં આવે છે?
(A) ₹ 5000 (B) ₹ 5500
(C) ₹ 6000 (D) ₹ 6500

041. પિયાજેનોએ બાળકની જ્ઞાનાત્મક વિકાસની કેટલી અવસ્થાઓ દર્શાવી છે?
(A) બે (B) પાંચ
(C) ચાર (D) સાત

042. કયા મનોવૈજ્ઞાનિકે બાળકના જ્ઞાનાત્મક વિકાસમાં સમાજ અને સંસ્કૃતિનું મહત્વ સ્વીકાર્યું છે?
(A) સ્કીનર (B) પિયાજેનો
(C) ફ્રોઈડ (D) લેવ વિગોટસ્કી

043. કોઈપણ સંજોગોમાં વસ્તુને સ્થાને તેના ચિન્હોનો ઉપયોગ ન કરો.- વિધાન કોનું છે?
(A) રુસો (B) ઓ.એસ.ફાઉલર
(C) કોમે નિયસ (D) પિચર નિકોલ

044. 'Social studies for children in a democracy' પુસ્તકના લેખક કોણ છે?
(A) કોમે નિયસ (B) જ્હોન યુ.માઈકલ્સ
(C) ઓ.એસ.ફાઉલર (D) પિચર નિકોલ

045. પૂર્વ બાલ્યાવસ્થાનો સમયગાળો કયો છે?
(A) બે વર્ષથી છ વર્ષ (B) ત્રણ વર્ષથી સાત વર્ષ
(C) બે થી સાત વર્ષ (D) એક થી પાંચ વર્ષ

046. બાળકની પ્રારંભિક બાલ્યાવસ્થા એટલે .......
(A) અણસમજની ઉંમર (B) સમજવાની ઉંમર
(C) પ્રશ્ન પૂછવાની ઉંમર (D) રમવાની ઉંમર

047. તરુણાવસ્થાનો સમયગાળો કયો ગણવામાં આવે છે?
(A) 12 થી 21 વર્ષ સુધી (B) 14 થી 17 વર્ષ સુધી
(C) 12 થી 14 વર્ષ સુધી (D) 13 થી 17 વર્ષ સુધી

048. બાળકને વાસ્તવિકતાનું ભાન ક્યારે થાય છે?
(A) 2 થી 7 વર્ષની ઉંમરમાં (B) 7 થી 12 વર્ષની ઉંમરમાં
(C) 3 થી 10 વર્ષની ઉંમરમાં (D) 5 થી 15 વર્ષની ઉંમરમાં

049. 'તરત જન્મેલા બાળકોમાં સુખ અને દુઃખના સંવેગો હોય છે'? તેઓ કયા મનોવિશ્લેષકનો મત છે?
(A) વોટ્સન (B) પાવલોવ
(C) સ્કીનર (D) ફ્રોઈડ

050. કઈ અવસ્થાને સંક્રાતિ કાળ તરીકે ઓળખવામાં આવે છે?
(A) ઉત્તર બાલ્યાવસ્થા (B) તરુણાવસ્થા
(C) પ્રૌઢાવસ્થા (D) વૃદ્ધાવસ્થા

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

પરીક્ષા પૂરી થયા બાદ (OMR SHEET) ઉત્તરપત્ર વર્ગ નિરીક્ષકને
પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે.
તેમ કરવામાં કસૂર થયેથી તેને શિસ્તભંગનાં પગલાં ગણી
પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.